ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ પાંચમ, બુધવાર ૭ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૪

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

ઉત્તર ભારતમાં ઠંડી: હિમાચલમાં પાણીની લાઈનો થીજી

જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમ વર્ષા, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાંક જિલ્લાઓમાં શાળાઓમાં રજા

કોલકાતામાં ૧૫ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, માઉન્ટ આબુમાં સતત ત્રીજા દિવસે ૦ ડિગ્રી, દિલ્હીમાં સીઝનનો પ્રથમ 'કોલ્ડ ડે'

ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી, અમૃતસર અને ચંદીગઢ સહિત ઉત્તર ભારતના અનેક એરપોર્ટ પર ફ્લાઈટ ઓપરેશનને અસર

નવી દિલ્હી, તા. 6 (PTI): ઉત્તર ભારતમાં શિયાળાએ પોતાનો સકંજો મજબૂત કર્યો છે. પર્વતીય રાજ્યોમાં થતી હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં તાપમાનનો પારો ગગડ્યો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં મંગળવારે સીઝનનો પ્રથમ 'કોલ્ડ ડે' નોંધાયો હતો, જ્યાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા 3.3 ડિગ્રી ઓછું એટલે કે 15.7 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

હવામાન વિભાગ મુજબ, આગામી દિવસોમાં પણ જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થશે.

ઉત્તરાખંડના મુનસ્યારીમાં તાપમાન માઈનસ 25 ડિગ્રી સેલ્સિયસ અને કેદારનાથમાં માઈનસ 23 ડિગ્રી સુધી પહોંચી ગયું છે, જેના કારણે પાણીની પાઈપલાઈનોમાં બરફ જામી ગયો હતો. જ્યારે હિમાચલ પ્રદેશના કાંગડા પ્રશાસને 3000 મીટરથી વધુની ઊંચાઈ પર ટ્રેકિંગ કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. અહીંનું લાહોલ સ્પિતીમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી 10 ડિગ્રી નીચે નોંધાયું હતું. ટાબો માઈનસ 10.8 ડિગ્રી સાથે સૌથી ઠંડો પ્રદેશ રહ્યો હતો. કાશ્મીરના ગુલમર્ગમાં પણ તાપમાન માઈનસ 8.6 ડિગ્રી સે. નોંધાયું છે તે રાજ્યમાં સૌથી ઠંડો પ્રદેશ રહ્યો હતો. રાજ્યના કેટલાંક પ્રદેશોમાં તાપમાન શૂન્યથી નીચે ગયું છે. ઉત્તર ભારતમાં ઠંડીના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજસ્થાનના 20 અને મધ્યપ્રદેશના 24 જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. માઉન્ટ આબુમાં સતત ત્રીજા દિવસે તાપમાન શૂન્ય ડિગ્રી નોંધાયું હતું. જયપુરમાં આ સિઝનમાં પ્રથમ વખત ગાઢ ધુમ્મસની સ્થિતિ સર્જાઈ હતી.

...અનુસંધાન પાના 8 પર

યુરોપ થીજી ગયું: હિમવર્ષામાં 6નાં મોત સેંકડો ફ્લાઈટો રદ

રસ્તાઓ પર જોખમી સ્થિતિઓને કારણે અકસ્માતોમાં મૃત્યુનાં બનાવો

અનેક દેશોમાં જનજીવનને અસર, ફ્રાન્સના પેરિસમાં સખત બરફવર્ષા, વિક્રમી ૧૦૦૦ કિમી લાંબો ટ્રાફિક જામ

બાલ્કન દેશોમાં હિમવર્ષા અને વરસાદને કારણે નદીઓમાં પૂર


ફ્રાંસમાં ટ્રાફિક જામ

એફિલ ટાવર

નેધરલેન્ડ

જર્મની

ધ હેગ, પેરિસ, તા. 5: યુરોપના અનેક હિસ્સાઓમાં મંગળવારે બરફ, હિમ અને શૂન્યથી નીચેના તાપમાનને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. રસ્તાઓ પર જોખમી સ્થિતિને કારણે ફ્રાન્સમાં જ ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે, જ્યારે ખંડના સૌથી વ્યસ્ત એરપોર્ટ પરથી સેંકડો ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી છે.

દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સના લેસ લેન્ડ્સ વિસ્તારના સત્તાવાળાઓએ અકસ્માતોમાં ત્રણ લોકોના મોતના અહેવાલ આપ્યા છે. પેરિસની આસપાસના ઈલે-દ-ફ્રાન્સ વિસ્તારમાં પણ ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. મંગળવારે પેરિસમાં વિશ્વપ્રસિદ્ધ ઈમારતો અને મકાનોની છત પર બરફની ચાદર પથરાયેલી જોવા મળી હતી. શાળાઓ બંધ રહેતા બાળકોમાં આનંદ છવાયો હતો, પરંતુ હવાઈ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. ઉત્તર અને પશ્ચિમ ફ્રાન્સના છ એરપોર્ટ ભારે હિમવર્ષાને કારણે બંધ કરી દેવામાં આવ્યા હતા. પેરિસમાં તો વિક્રમસર્જક ૧૦૦૦ કિમી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. શેરીઓમાં જામેલા બરફ વચ્ચે પેરિસવાસીઓ સ્કીઈંગ કરવા લાગી ગયા હતા.

બ્રિટનમાં સખત ઠંડી: સેંકડો શાળાઓ બંધ, ટ્રેનો અને ફ્લાઇટો રદ

લંડન, તા. 6: બ્રિટનમાં આજે સતત બીજા દિવસે સેંકડો શાળાઓ બંધ રહી હતી. શિયાળાની અત્યાર સુધીની સૌથી ઠંડી રાત બાદ વધુ હિમવર્ષા થતા ટ્રેનો અને ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. ગઈકાલે રાત્રે યુકેનું લઘુત્તમ તાપમાન નોર્ફોકના માર્કહામમાં -12.5C નોંધાયું હતું; જ્યારે લંડન, બર્મિંગહામ, બોર્નમાઉથ અને સાઉથમ્પ્ટન તમામ શહેરોમાં તાપમાન ગગડીને -8 સુધી જતું રહ્યું હતું. સમગ્ર યુકેમાં આજે ઓછામાં ઓછી 775 શાળાઓ બંધ રહી છે. આ અગાઉ એસેક્સના એપિંગ ફોરેસ્ટમાં એક નાટ્યાત્મક વીડિયો સામે આવ્યો હતો, જેમાં એક વ્યક્તિ અન્ય એક વ્યક્તિને થીજી ગયેલા તળાવમાંથી બહાર

...અનુસંધાન પાના 8 પર

દિલ્હી ડાયરી

પીએમ મોદીએ વસાહતી યુગના ચર્ચની મુલાકાત લીધી

નાતાલના દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્ય દિલ્હીના એક વસાહતી યુગના ચર્ચમાં નાતાલની સવારની સેવામાં હાજરી આપીને ખ્રિસ્તી સમુદાય સુધી પોતાની ખાસ પહોંચ બનાવી. આ ઘટનાએ બધાને આશ્ચર્યચકિત કરી દીધા. કારણ કે, આ ખબર એવા સમયે આવી છે જ્યારે ખુદને હિન્દુત્વ એક્ટિવિસ્ટ બતાવનાર નાતાલની ઉજવણીને નિશાન બનાવી રહ્યા છે. જોકે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના બે વરિષ્ઠ નેતાઓ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ - બંનેને મોદીના રાજકીય ઉત્તરાધિકારી માનવામાં આવે છે - તેમની કટ્ટર હિન્દુત્વવાળી છબી નરમ પાડવાના કોઈ સંકેત દેખાતા નથી. ચર્ચની મુલાકાત લેવી કે નાતાલના કોઈ કાર્યક્રમમાં હાજરી આપવાનું તો દૂર, બંનેમાંથી કોઈએ પણ તેમના સંબંધિત એક્સ હેન્ડલ પર કોઈ શુભેચ્છાઓ પણ પોસ્ટ કરી ન

...અનુસંધાન પાના 8 પર

તા. ૦૬-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૦.૨ સે.	૧૫.૦° સે.	૬૩%

બાંગ્લાદેશના નરસિંગડીમાં વધુ એક હિન્દુ વેપારીની હત્યા

સોમવારે રાત્રે મોની ચક્રવર્તી પોતાની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બજારમાં તેમના પર હુમલો કરાયો

છેલ્લા ત્રણ અઠવાડિયામાં બાંગ્લાદેશમાં છ હિન્દુઓની હત્યા કરાઈ

ઢાકા,તા. 6 (PTI): બાંગ્લાદેશના નરસિંગડી શહેરમાં એક 40 વર્ષીય હિન્દુ કરિયાણાના વેપારીની અજાણ્યા હુમલાખોરોએ ધારદાર હથિયાર વડે હુમલો કરી હત્યા કરી છે, એમ સ્થાનિક મીડિયા અહેવાલમાં જણાવાયું છે.

આ ઘટના સોમવારે રાત્રે બની હતી. જેના થોડા કલાકો પહેલા જ જેસોર જિલ્લામાં એક અન્ય હિન્દુ વેપારી જે એક અખબારના કાર્યકારી સંપાદક પણ હતા, તેમને અજાણ્યા શખ્સોએ માથામાં ગોળી મારીને હત્યા કરી હતી.

સોમવારે રાત્રે 11 વાગ્યાની આસપાસ પલાશ ઉપઝિલાના ચરસિંધુર બજારમાં મોની ચક્રવર્તી પર હુમલો કરીને તેમની હત્યા

...અનુસંધાન પાના 8 પર

ગુજરાત, કર્ણાટકમાં જુદી જુદી કોર્ટમાં અને યુપીમાં ટ્રેનમાં બોમ્બની ધમકી

અમદાવાદ/મૈસુર/ધારવાડ, તા. 6 (PTI). મંગળવારે ગુજરાત, ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં વિવિધ સ્થળોએ બોમ્બની ધમકીઓ મળી હતી. ગુજરાતની છ કોર્ટ, ઉત્તર પ્રદેશના માઉ રેલવે સ્ટેશન પર એક ટ્રેન અને કર્ણાટકમાં મૈસુર જિલ્લા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા હતા. પોલીસ અને બોમ્બ સ્ક્વોડ દ્વારા તમામ કેસોમાં સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ કોઈપણ કોર્ટ કે ટ્રેનમાં કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી આવી ન હતી.

આ દરમિયાન, કેરળના કન્નુર જિલ્લામાં પોલીસે બે અલગ- અલગ સ્થળોએથી 12 ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો જપ્ત કર્યા હતા. બધા કેસોની તપાસ ચાલી રહી છે.

...અનુસંધાન પાના 8 પર

ઉત્તર પ્રદેશ : મતદાર યાદીમાંથી ૨.૮૯ કરોડ નામો 'સાફ'

12.55 કરોડ મતદાર જાળવી રખાયા

ડ્રાફ્ટ મતદાર યાદીની વિરોધ પક્ષોએ ટીકા કરી

મુખ્ય આંકડાઓ

કુલ મતદારો (પહેલા): ૧૫.૪૪ કરોડ.
બાદ થયેલા મતદારો: ૨.૮૯ કરોડ (૧૮.૭૦%).
બાકી રહેલા મતદારો: ૧૨.૫૫ કરોડ.
અંતિમ યાદી: ૬ માર્ચ, ૨૦૨૬.

લખનઉ, તા. 6 (PTI): મંગળવારે ઉત્તર પ્રદેશ માટે ડ્રાફ્ટ મતદાર યાદી ખાસ સઘન સંશોધન (એસઆઈઆર) કવાયત પછી પ્રકાશિત કરવામાં આવી હતી, જેમાં 2.89 કરોડ મતદારો કાઢી નાંખવામાં આવ્યા હતા અને અગાઉ સૂચિબદ્ધ 15.44 કરોડમાંથી 12.55 કરોડને જાળવી રાખવામાં આવ્યા હતા, એમ મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) નવદીપ રિનવાએ મંગળવારે જણાવ્યું હતું. તેમણે અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, 2.89 કરોડ મતદારો અથવા 18.70 ટકા, મૃત્યુ, કાયમી સ્થળાંતર અથવા બહુવિધ નોંધણીઓને કારણે ડ્રાફ્ટ યાદીમાં શામેલ કરી શકાયા નથી.

અંતિમ મતદાર યાદી 6 માર્ચે પ્રકાશિત થશે, એમ રિનવાએ ઉમેર્યું હતું. એસઆઈઆર કવાયત પછી પ્રકાશિત ડ્રાફ્ટ મતદાર યાદીની ઉત્તર પ્રદેશમાં વિરોધ પક્ષોએ ટીકા કરી છે.

પીટીઆઈ સાથે વાત કરતા, યુપી કોંગ્રેસના અધ્યક્ષ અજય રાયે કહ્યું હતું કે એસઆઈઆર કવાયત માટે ફાળવેલ સમય ઓછો હતો.

'તેમણે કેરળ જેવા નાના રાજ્યને પણ એક મહિનો આપ્યો. ઉત્તર પ્રદેશને ઓછામાં ઓછા પાંચથી છ મહિનાનો સમય આપવો જોઈતો હતો. જો આ રીતે કરવામાં આવ્યું હોત, તો બૂથ લેવલ અધિકારીઓ (બીએલઓ) આટલા દબાણમાં ન આવ્યા હોત અને આપઘાત ટાળી શકાયા હોત' એમ તેમણે કહ્યું.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ચૂંટણી પંચને તેમના પત્ની ડિમ્પલ યાદવના લોકસભા મતવિસ્તાર મૈનપુરીમાં ડ્રાફ્ટ યાદી અંગે ચેતવણી આપી હતી અને

...અનુસંધાન પાના 8 પર

સોનિયા ગાંધી દિલ્હીની ગંગા રામ હોસ્પિટલમાં દાખલ, તબિયત સ્થિર

નવી દિલ્હી, તા. 6 (PTI). સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને શ્વાસ લેવામાં તકલીફ થતાં અહીંની સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલમાં તેઓ સ્વસ્થ છે અને તેમની તબિયત એકદમ સ્થિર છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાને ચેસ્ટ ફિઝિશિયનના નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ એક રૂટિન એડમિશન છે, પરંતુ તેમને જૂની ઉધરસની સમસ્યા છે અને તેઓ

...અનુસંધાન પાના 8 પર

શું ટ્રમ્પ મોદીનું અપહરણ કરશે? ': કોંગી નેતાના સવાલથી રાજકીય ભૂકંપ

પૃથ્વીરાજ ચવ્હાણના નિવેદનની ઝાટકણી કાઢતા ભાજપે કહ્યું કે આ કોંગ્રેસની ભારત-વિરોધી માનસિકતા દર્શાવે છે

કોંગ્રેસના નેતાએ વેનેઝુએલા પ્રકરણમાં મૌન રહેવા બદલ સરકારની ટીકા કરી

નવી દિલ્હી, તા. 6: કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પણ અપહરણ કરી શકે છે કે કેમ તેવો પ્રશ્ન ઉઠાવતા નવો રાજકીય વિવાદ સર્જાયો છે. તેમના આ નિવેદનની ભાજપ દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે અને ભારતની તુલના વેનેઝુએલા સાથે કરવા બદલ ચવ્હાણ પર પ્રહારો કર્યા છે. ચવ્હાણે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા

ટેરિફ અંગે ટિપ્પણી કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. તેમણે

...અનુસંધાન પાના 8 પર

JNUમાં 'મોદી-શાહ' વિરુદ્ધ નારા: વાયરલ વીડિયો બાદ તપાસના આદેશ

સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજી ફગાવી તેના વિરોધમાં જેએનયુમાં કેટલાંક વિદ્યાર્થીઓએ મોદી-શાહકી કબર ખુદેગી જેવા નારા લગાવ્યા

ભાજપે આને અર્બન નક્સલ માનસિકતા ગણાવી, કોંગ્રેસે તેને ગુસ્સો વ્યક્ત કરવાની એક રીત ગણાવી

નવી દિલ્હી, તા. 6 (PTI): જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં (જેએનયુ) સોમવારે રાત્રે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ વિવાદાસ્પદ અને ઉશ્કેરણીજનક નારા લગાવવામાં આવતા મોટો વિવાદ ઊભો થયો છે. 2020ના દિલ્હી રમખાણોના કેસમાં સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજી ફગાવી દીધા બાદ, તેમના સમર્થનમાં આ વિરોધ પ્રદર્શન યોજાયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સૂત્રોચ્ચાર કરતા અમુક વિદ્યાર્થીઓનો વીડિયો વાયરલ થયો હતો જેમાં વિદ્યાર્થીઓ 'જેએનયુની

...અનુસંધાન પાના 8 પર